# બનાસ ડેરી દ્વારા બનાસકાંઠા જિલ્લાની દૂધ મંડળીઓ ખાતે રેડ ટેગ ડે ની ઉજવણી કરાઈ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૯

ગુજરાત કો. ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ.ના સહયોગથી સંપૂર્ણ ગુણવત્તાયુક્ત વ્યવસ્થા અંતર્ગત બનાસ ડેરી ખાતે આઈ.સી.ડી. કાર્યક્રમ થકી જિલ્લાની ૧૫૦૦ દૂધ મંડળીઓ ખાતે સ્વચ્છતાને પ્રાથમિકતા આપવાના શુભ હેતુથી રેડ ટેગ ડે ની ઉજવણી મહાત્મા ગાંધીજીના જન્મદિને બીજી ઓક્ટોબરના રોજ દર વર્ષે કરવામાં આવે છે.

દૂધના ધંધા સાથે સંકળાયેલ બનાસ ડેરી તેના ગાયથી ગ્રાહક સુધીની સપ્લાય ચેઈનમાં તમામ સ્તરે ગુણવત્તા પ્રસ્થાપિત થાય તેવા અનેક કાર્યક્રમોનું અમલીકરણ કરી રહીછે. પ્રાથમિક સ્તરે જ્યાં દૂધનું સંપાદન કરવામાં આવે છે એવી દૂધ મંડળીઓ ખાતે દૂધ ઉત્પાદકો તેમજ દૂધ મંડળીના કર્મચારીઓ ગૃહ વ્યવસ્થા અને આરોગ્ય શાસ્ત્રની દષ્ટિએ સ્વચ્છ દૂધ ઉત્પાદન થાય તેવી સમજ અને જાગૃતિ ફેલાય તેવા શુભ આશયથી દૂધ મંડળીઓના મકાન ખાતે બિન ઉપયોગી ચીજવસ્તુઓને રેડ ટેગ લગાવી દૂર કરી દૂધ મંડળી ખાતે સંપૂર્ણ સાફ સફાઈ સૌના સાથ અને સહકાર થકી અભિયાન સ્વરૂપે હાથ ધરવા માટે સન્માનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છ ભારતની ચળવળના ભાગરૂપે બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળની અધ્યક્ષતામાં અને એમ.ડી. સંજય કરમચંદાણીની ઉપસ્થિતિમાં તા. ૩૦-૯-૨૦૧૪ના રોજ બનાસકાંઠા જિલ્લાની ફિલ્ડ સ્ટાફની મીટીંગમાં આ પ્રવૃત્તિને વેગ મળે તે માટે તમામ દૂધ મંડળી ઉપર સ્વચ્છતા અભિયાન હાથ ધરવાની હાંકલ કરી હતી.

બનાસ ડેરીના ક્ષેત્રગામી તમામ કર્મચારીઓ દૂધ મંડળીઓ ખાતે જઈ દૂધ મંડળીના ચેરમેનશ્રી, મંત્રીશ્રી, વ્યવસ્થાપક કમીટીના સભ્યો તેમજ સ્ટાફ ગણના સહકારથી મંડળીના તમામ વિભાગની પૂર્ણ સ્વચ્છતા, મંડળીના આસપાસના વિસ્તારની સુઘડતા, મંડળીના બિનજરૂરી નોંધ પત્રકોની નિયમાનુસાર રદ બાતલ કરવાની પ્રક્રિયા અને જરૂરી રેકોર્ડની વ્યવસ્થિત ગોઠવણી તથા જાળવણી કરવા સાથે દૂધ મંડળીના મકાનની સાફ સફાઈ એગેનું અભિયાન હાથ ધરેલ હતું.

આ કાર્યક્રમ અંતર્ગત તમામ મંડળીઓને પરિપત્ર દ્વારા સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંગે રેડ ટેગ ડે ની ઉજવણી કરવા બાબતે જાણ કરેલ હતી અને સ્વચ્છતા અભિયાન અંગે જરૂરી પોસ્ટર તથા લીટરેચર મોકલી આપવામાં આવેલ હતા.

# ડીસામાં ગરીબ કલ્યાણ મેળાની વહીવટીતંત્ર ઓચિંતિ તારીખ બદલતા લાભાર્થી રઝળ્યા

ડીસા, તા.૯

રાજય સરકાર નોં ગરીબો નાં લાભાર્થે નામક રૂપકડા નામાંધીકરણ થી ભજવાઈ રહેલા ગરીબ કલ્યાણ મેળાં ફારસરૂપ સાબિત થઈ રહ્યા છે.ત્યારે બનાસકાંઠા નાં ડીસા માં આજે યોજાનાર ગરીબ કલ્યાણ મેળાં માં ભાગ લેવા આવેલા લાભાર્થી હાંસીપાત્ર બન્યા હતા કેમકે, આજે ૯ મી ઓક્ટોમ્બર નાં રોજ યોજાનાર ગરીબ કલ્યાણ મેળાં ની તારીખ બદલાઈ ૧૬ ઓક્તોમ્બર કરાઈ હતી, અને ડીસા તાલુકા પંચાયત કચેરી એ તેની જાણ અહી આવનારા લાભાર્થી ઓં ને કરેલ નહિ, જેથી દુર દુર થી આવેલા લાભાર્થી રઝળી પડ્યા હતા અને પોતાની પીડા સામે સરકાર વિરુદ્ધ બળાપો કાઢતા જોવા મળ્યા હતા

રાજય સરકાર દ્વારા છેલ્લા કેટલાક વર્ષથી ગરીબ કલ્યાણ મેળા કરવામાં આવી રહ્યા છે પરંતુ તેમા ખરેખર ગરીબનુ કલ્યાણ થાય છે ? તેવા ને લોકોમાં ઉઠી રહ્યા છે. રાજય સરકાર ગરીબ કલ્યાણ મેળાનુ આયોજન કરે છે પરંતુ તેના પદાધિકારીઓ એટલા વ્યસ્ત હોય છે કે તેઓની પાસે ગરીબ કલ્યાણ મેળા માટે સમય નથી તેથી ગરીબ કલ્યાણ મેળા રદ કરવા પડે છે.આવુજ કઈક ડીસા માં બન્યું છે ,જેની વિગતો જોઈએ તો રાજય સરકાર દ્વારા ત્રીજા તબક્કાના ગરીબ મેળાં નું આજ રોજ ગુરુવારે ડીસા નાં હવાઈ પીલ્લર ગ્રાઉન્ડ ખાતે યોજાવવા ની અધિકૃત જાહેરાત કરાઈ હતી,આ મેળો ડીસા તાલુકો શહેરી અને ગ્રામીણ વિસ્તાર તેમજ કાંકરેજ તાલુકો શહેરી અને ગ્રામીણ વિસ્તારનો હોઈ અહી ડીસા ગ્રામ્ય વિસ્તાર નાં ૬૩૩ જયારે શહેરી વિસ્તાર નાં -૨૯૫ લાભાર્થી ઓં પોતાને મળનારા સરકારી લાભ સાધન સહાય અને ટૂલ -કીટ લેવા વહેલી સવાર થીજ હાજર હતા તેજ રીતે કાંકરેજ તાલુકા નાં ગ્રામ્ય વિસ્તાર નાં -૧૧૨૪ તેમજ કાંકરેજ શહેરી વિસ્તાર નાં ૪૦ લાભાર્થી પણ સાધન સહાય માટે નિયત તારીખ એવા આજે હવાઈ પીલ્લર ડીસા ખાતે હાજર થયા હતા તોવળી, જેતે વિસ્તાર નાં લાભાર્થી ઓં ને પત્ર લખી હાજર રહેવા વિધિસર આમન્ત્રણ અપાયું હતું તેમજ સહાય મેળવવા અસલ રેશન કાર્ડ /ચુંટણી કાર્ડ /અસલ પત્ર સાથે હાજર રહેવા જણાવાયું હતું, જેથી અનેકો લાભાર્થી દુર -દુર થી સરકારી લાભ લેવા આવ્યા હતા જોકે હાલ પાડોશી રાજય મહારાષ્ટ્ર માં વિધાનસભા ઈલેકશન હોઈ અહી ગુજરાત માં થી ભાજપ ના નેતા,અધિકારી અને પધાકારી તેમજ હોદેદારો મહારાષ્ટ્ર માં ધામા નાખતા અહી સ્ટેજ પર ના નીવેદનીયા નેતા નો દુકાળ પડ્યો છે સુત્રો નું માનીએ તો માત્ર આજ કારણોસર આજે ડીસા માં યોજાનાર મેળાં ની અહી આવતા લાભાર્થી ઓં ને જાણ કર્યા વિના તંત્રે આજે આ ગરીબ કલ્યાણ મેલો મોકૂફ રાખ્યો હતો અને નવી ૧૬ ઓક્તોમ્બર તારીખ જાહેર કરતા લાભાર્થી રઝળી પડ્યા હતા, અને તંત્ર વિરુદ્ધ બળાપો કાઢતા હતા.

ડીસા નાયબ કલેકટર કચેરી સુત્રોનું માનીએ તો આજે ગરીબ કલ્યાણ મેળો મોકૂફ રખાયો હોવાનું આગોતરી જાંણ ડીસા તાલુકા વિકાસ અધિકારી, અને નગરપાલિકા તંત્ર ને કરાઈ હતી, જોકે તાલુકા વિકાસ અધિકારી સી.પી.ડગલા એ જણાવેલ કે આ મેળાંની તારીખો ઉપરથી સરકારની સુચના એ બદલાઈ છે અને હવે આ મેળો આગામી ૧૬ ઓક્તોમ્બર નાં રોજ યોજાશે તેવું એક ટેલીફોનીક વાર્તાલાપમાં જણાવ્યું હતું ત્યારે સુત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, ડીસા અને કાંકરેજ તાલુકા માં ગરીબ કલ્યાણ મેળામાં રાજયના પદાધિકારીઓ હાજર રહેવાના હતા અને તેઓને અગાઉથી તારીખ પણ જણાવવામાં આવતી હોય છે.

# ઊંઝામાં ઉગરાપાર્કમાં ધોળે દિવસે રૂ. ૨.૬૭ લાખની ઘરફોડ ચોરી

ઊંઝા, તા. ૯

ઊંઝા શહેરમાં ઉગરાપાર્કમાં આવેલ એક રહેણાંકના મકાનમાં ધોળા દિવસે કોઈ તસ્કરોએ ભોંયરાની બારી તોડી અંદર પ્રવેશી તિજોરી તથા કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ. ૨.૬૭ લાખની કિંમતની મત્તાની ઘરફોડ ચોરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં શહેરીજનોમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે ધનજીનગર પાસે આવેલ ઉગરા પાર્કના ૪૦ નંબરના મકાનમાં રહેતા રાકેશકુમાર દશરથભાઈ પટેલ પોતાનું મકાન બંધ કરીને બપોરના સમયે પરિવાર સાથે નમેણમાતાજીની વાડીમાં યોજાયેલ ભોજન સમારંભમાં ગયા હતા ત્યારે સવા અગિયારથી સવા બાર વાગ્યા સુધીના માત્ર એક કલાકના સમયગાળામાં કોઈ તસ્કરોએ મકાનના ભોંયરાની બારી તોડી નાંખી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ તિજોરી તથા કબાટ તોડી અંદરથી સોનાના દાગીનાઓ જેવા કે, અઢી તોલા વજનનું મંગળસુત્ર, સોનાની બે કડલી, પોણા ત્રણ તોલાનો દોરો, પેન્ડલ, ચાંદીના ૩૦ સિક્કા, ચાંદીની ચાર વીંટી, ચાંદીનો દોરો તેમજ ૭૦,૦૦૦ ની રોકડ રકમ મળી કુલ ૨,૬૭,૦૦૦ ની કિંમતની મત્તાની ધોળા દિવસે ચોરી કરી આબાદ રીતે ક્યાંક પલાયન થઈ ગયા હતા.

આમ શહેરમાં ધોળા દિવસે ભરચક સોસાયટી વિસ્તારના મકાનમાં ઘરફોડચોરીનો બનાવ બનતાં શહેરમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઊંઝા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે ઘરફોડ ચોરીઓ અને વાહનચોરીઓના પ્રમાણમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. મિલકત વિરૂદ્ધના ગુનાઓને અટકાવવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યું છે. જેથી લોકો ભારે અસલામતિની લાગણી અનુભવી રહ્યા છે. આ વિસ્તારમાં હવે તસ્કરોને પોલીસનો કોઈ જ ડર કે ભય રહ્યો ન હોય તેમ તસ્કરોએ ભારે ઉપાડો લીધો છે. છેલ્લા ચાર વર્ષ દરમિયાન સમગ્ર વિસ્તારમાં નાની મોટી ઘરફોડ ચોરીઓ, લૂંટ, વાહનચોરીઓના ઘણા ગુનાઓ નોંધાયા છે. જે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે.



પાલનપુરમાં ડ્રાઈવિંગ લાયસન્સ કેમ્પ યોજાયો - બનાસકાંઠા જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ અને આર.ટી.ઓ.ના સંયુક્ત ઉપક્રમે પાલનપુરની જી.ડી. મોદી કોલેજમાં પ્રથમવાર ડ્રાઈવિંગ લાયસન્સ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ૨૮૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કેમ્પમાં સ્થળ પર જ કુલ ૨૫૨ વિદ્યાર્થીઓને લર્નિંગ લાયસન્સ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ વડા ડી.બી. વાઘેલા, આર.ટી.ઓ. ઈન્ચાર્જ જે.બી. દેસાઈ અને આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)



ખેડબ્રહ્મા ખાતે ખેલ મહાકુંભ ૨૦૧૪નું સમાપન - ખેડબ્રહ્મા તાલુકાનો ખેલ મહાકુંભ ૨૦૧૪ તા. ૪-૧૦થી ૯-૧૦ સુધી યોજાયો હતો. જેમાં ખોખો, કબડ્ડી, વોલીબોલ, ફૂટબોલ, ચેસ, એથ્લેટીક્સ સહીતની રમતો યોજાઈ હતી. જેમાં અન્ડર ૧૩ અને એબોવ ૧૬ના ખેલાડીઓએ ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધાઓનું સફળ સંચાલન પિયુષભાઈ જોષી, જયેન્દ્રસિંહ સોલંકી, પરેશભાઈએ કર્યું હતું.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# લાખણી તાલુકાનાં કુડા ગામે ખેતમજુરની ઘાતકી હત્યા

ડીસા, તા.૯

દારુ જેવા દુષણો થી થતો ઉન્માદ અને ઉસ્કેરાત કેવા હિંસક અને ઘાતકી કૃત્યો કરવા દુસ્પ્રેણ પાડે છે,તેની ગવાહી પૂરી પાડતો હત્યા નો કિસ્સો ડીસા નજીક નાં લાખણી તાલુકા નાં કુડા ગામે નોધાયો છે. જેમાં દારુ પીધા બાદ ફેલાયેલા અગમ્ય કારણોસર નાં ઉસ્કેરાત માં એક વ્યક્તિ એ પોતાનું વહેશી પણું બતાવી તેના સાથી મિત્ર ની લાકડી ઓં નાં ફટકા મારી ઘાતકી હત્યા કરી હતી,

આ હત્યા ની બહાર આવેલી વિગતો જોઈએ તો બનાસકાંઠા નાં લાખણી તાલુકા નાં કુડા ગામે ટેમ્પાજી ઉર્ફે -ધાનજી મેરૂજી ઠાકોર અને તેમનો મિત્ર એવા દેવજી સોમાજી માજીરાણા રાત્રી સમયે દારુ ની મહેફિલ માણવા ખેતર નાં સેઢે ભેગા થયા હતા છેલ્લા દશ વર્ષ થી આ બન્ને મિત્રો હતા અને ટેમ્પાજી ઠાકોર નાં ખેતર ની બાજુમાં આવેલા વજેસિંગ ઝાલા નાં ખેતરમાં દેવજી સોમાજી માજીરાણા ભાગિયા તરીકે કામ કરતા હોઈ બે મિત્રો સાથે સેધા પાડોશી હતા ,જેમાં મોદી રાત્રી એ બન્ને વચ્ચે અગમ્ય કારણોસર તકરાર થતા ઉસ્કેરાયેલા ટેમ્પાજી ઠાકોરે પોતાના મિત્ર એવા દેવજી સોમાજી માજીરાણા પર લાકડી ઓં વડે હુમલો કર્યો હતો, અને આ હુમલા માં દેવજી સોમાજી માજીરાણા નું ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું આ હત્યા કરી હત્યારો ટેમ્પાજી ઠાકોર ભાગી છૂટ્યો હતો, આ હત્યા ની જાણ આગથળા પી.એસ.આઈ. ડી,કે,પરમાર ને થતા તેમને ઘટના સ્થળે પહોચી મૃતક ની લાશ નો કબજો સંભાળ્યો હતો, અને તેને પી,એમ,અર્થે લાખણી પી,એચ,સી ખાતે ખસેડ્યો હતો, આ મામલે હત્યારા ટેમ્પાજી ઠાકોર વિરુદ્ધ મૃતક નાં પુત્ર મંગુભાઈ દેવજીભાઈ માજીરાણા એ આગથળા પોલીસ માં ફરિયાદ આપતા પોલીસે ફસ્ટ ગુના રજીસ્ટર નમ્બર ૭૭/ વર્ષ ૨૦૧૪ આ ઈ, પી, સી, કલમ ,૩૨૩,૩૨૫,૩૦૨,૫૦૪,૫૦૬(૨) અત્રોસિતી એકટ કલમ ૩(૬)ર્ી મુજબ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે,

# ગોળા ગામની બાપા સીતારામ મઢુલી ખાતે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૯

પાલનપુર અંબાજી માર્ગ પર ગોળા ગામ સ્થિત બાપા સીતારામ મઢુલી ખાતે મહંત બાપજીની ઉપસ્થિતિમાં ધ્વજારોહણ કરવામાં આવી હતી.

આ ધાર્મિક પર્વે પાલનપુરના અનિલ ચક્રવર્તીએ મહાઆરતી ઉતારી કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા, જ્યારે ગોળા ગામના ગ્રામજનો વણકર સમાજના અગ્રણીઓ પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને દર્શન અને પૂજા-અર્ચનાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# પાલનપુરમાં વાહનોના ધંધાની અદાવતમાં થયેલ કરપીણ હત્યાના આરોપીઓ ચાર દિવસ બાદ ઝડપાયા

પાલનપુર, તા. ૯



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર શહેરમાં ચાર દિવસ અગાઉ ખોડાલીમડા વિસ્તારમાં વાહનોના ધંધાની અદાવતમાં એક મુસ્લીમ યુવકની તલવારો અને છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. જે અંગે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે સઘન તપાસમાં આજે શહેરના મોટી બજાર વિસ્તાર નજીકથી તમામ છ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પાલનપુર શહેરના ખોડા લીમડા નજીક ગત ૪થી ઓક્ટોબરના રોજ રાત્રે કારમાં પોતાના રોજ રાત્રે કારમાં પોતાના ઘરે જતા વસીમ કુરેશીની ગાડી રોકાવી રીક્ષામાં આવેલા શખ્સોએ તિક્ષ્ણ હથિયારો વડે વસીમ પર હિંસક હુમલો કરીને તેની હત્યા કરી નાખી હતી. ગંભીર ગુનાની તપાસ એસ.પી. ડી.બી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ જુદી જુદી ટીમોએ સઘન તપાસ હાથ ધરી હતી. દરમિયાન આજે ચાર દિવસની સઘન તપાસ બાદ રસીદ ઉર્ફે કાણીયો સિંધી નજીર મહંમદ શેખ, અફઝલ ઉર્ફે શિવો જફહુલ્લાખાન નાગોરી, પરવેજખાન ઉર્ફે પપ્પુ મુજફરખાન નાગોરી, ઈરફાન ઉર્ફે પોપટ હુસેનભાઈ સિંધી, આસીફ ઉર્ફે મટો હમીદખાન નાગોરી, ઈમરાનખાન ઉર્ફે ઈમત્યારસીદખાન નાગોરીની અટકાયત કરવામાં આવી હતી.

# અરવલ્લી જિલ્લા ખાણ ખનિજ વિભાગ એક જ પરિવાર પર મહેરબાન

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના ખાણ ખનિજ વિભાગ દ્વારા મોડાસા તાલુકાના ચારણવાડા ગામના કોન્સ્ટેબલને ફળવાયેલી લીઝમાં એક હજાર મેટ્રીકટનની મંજુરી અપાઈ હતી. તેની સામે મોટા પાયે ગેરરીતી આચરી ખુબ જ મોટા પ્રમાણમાં ખોદકામ કરી ખનીજ ચોરી લેવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા આ કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું હતુ અને મોટા પાયે દંડ પણ ફટકાર્યો હતો પરંતુ..?

મોડાસા ટાઉન પોલીસ મથકમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ સોમસિંહ પરમારને બિનઅધીકૃત રીતે સરકારી કર્મચારી હોવા છતાં લીઝ ફાળવી દેવામાં આવી હતી તેમજ વગનો ઉપયોગ કરીને લીઝના ખનીજ પાસ મેળવ્યા વગર ગેરકાયદેસર રીતે મોટા પાયે ખોદકામ કરી ખનીજનું વહન કરવામાં આવતુ હતુ. જેના લીધે આજુબાજુની જનતા અને ગામડાઓમાં ચર્ચાએ જોર પકડતા અને ફરિયાદો ઉઠતા ખાણ ખનીજ વિભાગ નિંદ્રા અવસ્થામાંથી બહાર આવીને દરોડા પાડીને લીઝની જગ્યાએથી ૭ ડમ્પર, જેસીબી મશીન અને હિટાચી મશીન જપ્ત કરી લીધા હતા અને આ કોન્સ્ટેબલ સામે કાયદેસરની કાર્યવાહી કરી દંડ ફટકાર્યો હતો. લીઝ કરતાં વધારે મોટા પ્રમાણમાં ખોદકામ કરી ખનીજનું મોટા પ્રમાણે ગેરકાયદેસર વહન કરી સરકારી તીજોરીને ખુબ જ મોટા પાયે નુકશાન કર્યુ હતુ. હજુ સુધી આ ખનીજચોરી કરેલા પ્રમાણમાં કરાઈ તેનો પુરેપુરી તપાસ પણ કરવામાં આવેલ નથી. અને આજ કોન્સ્ટેબલની પુત્રીના નામે જાણે એક જ કુટુંબ પર ખાણખનીજ વિભાગના ચાર હાથ હોય તે રીતે વધુ એક લિઝની લ્હાણી કરી દેવામાં આવી છે. તો શુ અરવલ્લી ખાણ ખનિજ વિભાગ કઈ રીતે લીઝની ફાળવણી આજ કોન્સ્ટેબલની પુત્રને કરી દિધી એ ચર્ચાનો વિષય મોડાસા તાલુકામાં વેગ પકડ્યો છે.

# ખેડબ્રહ્મામાં રિક્ષા પલ્ટી મારતા પાંચ મહિલાઓ ઘાયલ

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્માના ગલોડીયા રોડ પર કોલેજ પાસે ગુરૂવાર બપોરે રીક્ષા પલ્ટી મારી જતાં પાંચ મહિલાઓ ઘાયલ થઈ હતી.

ગલોડીયા તરફથી મજૂરી ગયેલ મહિલાઓને લઈ આવતી રિક્ષા કોલેજ પાસે આવતા ડ્રાઈવરે કાબુ ગુમાવતા ચોકડીમાં પલ્ટી મારી ગઈ હતી જેથી રીક્ષામાં બેઠેલ મહિલાઓને ઈજાઓ પહોંચી હતી જેમને ૧૦૮ દ્વારા ખેડબ્રહ્માજનરલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. જેમાં એક મહિલાને વધુ ઈજાઓ જણાતા હિંમતનગર ખસેડવામાં આવી હતી.

ખેડબ્રહ્મા ખાતે સારવાર હેઠળ મહિલાઓમાં ચેતનાબેન વાઘાભાઈ વણઝારા (ઉં.વ.૧૫), ખેડબ્રહ્મા, લાલીબેન હિરાભાઈ વણઝારા (ઉં.વ.૨૨), ખેડબ્રહ્મા, તારાબેન અમરીજી વણઝારા (ઉં.વ.૧૮), ખેડબ્રહ્મા, પાયલબેન ખીમાજી વણઝારા (ઉં.વ.૧૮) ખેડબ્રહ્મા) તથા હિંમતનગર રીફર કરાયેલ ઉમીયાબેન હજારીજી વણઝારા (ઉં.વ.૪૦) ખેડબ્રહ્માના રહેવાસી છે.

# ખેડબ્રહ્મા શહેરમાંથી ધોળે દિવસે બાઈક ચોરાતા પોલીસ ફરિયાદ

ખેડબ્રહ્મા, તા.૯

વડાલીના વતની રૂપસિંહ નાનજીભાઈ કટારા (રહે ઉમિયાપાર્ક) પોતાનું બાઈક હિરો હોન્ડા પેશન નં.જી.જે.-૯, આર. ૭૪૬૦ લઈ પોતાની પત્ની કોકીલાબેન સાથે ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરે દર્શન કરવા આવ્યા હતા. અને પોતાનું બાઈક મંદિરના બહારના ભાગે મુકી મંદિરમાં દર્શન કરવા ગયા હતા.

થોડીવાર પછી રૂપસિંહ પોતાની પત્ની સાથે મંદિરમાંથી પરત આવ્યા હતા પરંતુ બાઈક સ્થળ પર નજરે ન પડતા આજુબાજુમાં તપાસ હાથ ધરી હતી. જો કે કલાકોની શોધખોળ બાદ પણ બાઈકનો કોઈ પતો ન લાગતા બાઈક ચોરી અંગે ખેડબ્રહ્મા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આથી પોલીસે ચોરાયેલા બાઈકની કિંમત રૂ. ૧૨૦૦૦ ગણી ફરિયાદ નોંધી બાઈક ચોરની તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦